Herald
Edition: Surat | Date: August 28, 2010 | Page No: 03 | Category: TTF



(छाया : जनभूमि हेराल्ड)

# इन्डोर स्टेडियम में तीन दिवसीय ट्रावेल्स एण्ड टूरिज्म फेयर प्रारंभ

सूरत,२७ अगस्त। पंडित दीन दयाल उपाध्याय इनडोर स्टेडियम में शुक्रवार को स्थायी समिति के चेयरमैन मुकेश दलाल, मनपा आयुक्त एस अपर्णा फेस्ट मिडिया लिमिटेड के प्रबंध निदेशक राजीव अग्रवाल की उपस्थिति में तीन दिवसीय ट्रावेल्स एण्ड टूरिज्म फेयर (टीटीएफ) का शुक्रवार को शुभारंभ हुआ। इस अवसर पर फेस्ट मिडिया लिमिटेड के प्रबंध निदेशक राजीव अग्रवाल ने पत्रकारों को बताया कि टीटीएफ में देश-विदेश के करीबन 125 प्रदर्शक भाग ले रहे है। जिसमें देश के 11 राज्यों तथा सात देशों के प्रतिनिधित्व समाविष्ट है। अर्थतंत्र की स्थिति डामाडोल होने के बावजूद चालू वर्ष में आयोजित हो रहे टीटीएफ में भाग लेने वाले प्रदर्शकों की संख्या में 30 फीसदी की वृद्धि दर्ज की गई है।

स्टैंडिंग कमेटी के चेयरमैन मुकेश दलाल ने कहा कि गुजराती लोग पर्यटन के शौकीन है। इनमें से बड़ी संख्या में पर्यटक विदेश के टूर पर जाना पसंद करते है तो पर्यटकों का एक तबका गुजरात के विविध पर्यटन स्थलों पर जाने के लिए जाना जाता है। तब सूरती पर्यटकों को देश विदेश के पर्यटन स्थलों, टूर एजेन्सियों व उनके सस्ते टूर पैकेजों की जानकारी का लाभ मिले यह जरूरी है। टीटीएफ देश-विदेश के विविध पर्यटन स्थलों, टूर एजेन्सियों व पर्यटकों के बीच एक सेतू का काम कर रहा है।

स्थायी समिति के अध्यक्ष मुकेश दलाल ने प्रासंगिक उद्‌बोधन में कहा कि सूरती लोग पर्यटन के शौकीन है। तब टीटीएफ द्वारा पर्यटक स्थलों व टूरिज्म लोकेशन व एजेन्सियों की सही जानकारी उनके लिए लाभदायक सिद्ध होगी। टूरिज्म फेयर में गुजरात, झारखंड, उत्तर प्रदेश पश्चिम बंगाल, दानह, हरियाणा , हिमाचल प्रदेश, गोवा समेत विविध राज्यों के पर्यटन निगम के अलावा ट्रावेल्स एजेन्टस, टूर्स ऑपरेटर्स के भी स्टाल लगे हैं। इन स्टालों से टूरिज्म से जुड़ी तमाम जानकारी प्राप्त की जा सकती है। इसके अलावा टीटीएफ के आउटबाण्ड सेगमेंट में चीन, नेपाल, फिलिपिन्स, श्रीलंका, भारत, थाईलैण्ड, मलेशिया और वियतनाम आदि देश टूरिज्म से जुड़ी तमाम जानकारी के साथ टूरिज्म फेयर में शामिल हुए है।

Gujarat Mitra
Edition: Surat | Date: August 28, 2010 | Page No: 09 | Category: TTF

3 days Travel & Tourism Fair (TTF) opens at Indoor Stadium



## સુરતનાં ૩૦ ટકા વિદેશ પ્રવાસ પસંદ કરે છેઃ સર્વે

# ઈન્ડોર સ્ટેડિયમમાં ત્રણ દિનનાં ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર TTFનો વિધિવત પ્રારંભ

સુરત, શુક્રવાર: અમદાવાદમાં ગયા સપ્તાહે યોજાયેલા ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર (ટીટએફ)ને મળેલી અભૂતપૂર્વ સફળતા બાદ સુરતના પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે આજથી ત્રણ દિવસના ટીટીએફનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મનપાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મુકેશ દલાલે ટીટીએફને ખુલ્લો મુકયો હતો.

## મહાપાલિકાનાં સ્ટેન્ડીંગ કમિટી ચેરમન મુકેશ દલાલે મેળો ખુલ્લો મુકયોઃ ૧૧ થી રાત્રે ૮ સુધી મુલાકાત થઈ શકાશે

ત્રણ દિવસના આ સૌથી મોટા ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેરમાં ભારત અને વિદેશના ૨૧ રાજયો અને ૧૦ પ્રદેશોના ૧૫૦ થી વધુ પ્રતિનિધિઓ એક જ સ્થળે સામેલ થશે. ગયા વર્ષે ૪૦ ટકા વૃધ્ધિ અને બે વર્ષ પહેલા પ્રથમવાર આયોજન થતાં ટીટીએફ ૬૨ ટકા વૃધ્ધિ દર્શાવે છે.

વિદેશના જે અન્ય દેશો આ ટીટીએફમાં ભાગ લઈ રહ્યા છે તેમાં ચાઈના, ફિલિપાઈન્સ, શ્રીલંકા, મલેશિયા, નેપાળ, થાઈલેન્ડ, વિયેતનામ, માલદીવ અને ઓમાનનો સમાવેશ થાય છે. ગયા વર્ષે સુરતમાં યાજોયેલા એક સર્વેક્ષણમાં એવું તારણ પ્રાપ્ત થયું હતું કે, અહીંના ૩૦ ટકા લોકો પ્રવાસ માટે વિદેશ જવાનું પસંદ કરે છે. ગુજરાત ટુરિઝમ આ સમારંભનું યજમાન રાજય છે. ઉપરાંત સુરત મનપા હોસ્ટ સીટી તરીકે સામેલ થયું છે. તેમજ હિમાચલ પ્રદેશ, કર્ણાટક અને રાજસ્થાન પાર્ટનર સ્ટેટ તરીકે જોડાયા છે. પંજાબ, કેરાલા, જમ્મુ- કાશ્મીર, બિહાર, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, દિલ્હી, સિક્કીમ, તામીલનાડુ, ઉતરાખંડ, ઉતરપ્રદેશ, ગોવા, હરિયાણા, મહારાષ્ટ્ર જેવા રાજયો આ પ્રદર્શનમાં ભાગ લઈ રહ્યા છે.

છેલ્લા ૨૦ વર્ષથી ટીટીએફ દ્વારા યોજાતો આ ફેર ૨૭ થી ૨૯ ઓગષ્ટ સુધી સવારના ૧૧ થી રાત્રીના ૮ વાગ્યા સુધી મુલાકાતીઓ માટે ખુલ્લો રહેશે.

Edition: Surat | Date: August 27, 2010 | Page No: 06 | Category: TTF

# સુરતના ઈનડોર સ્ટેડિયમમાં ત્રણ દિવસનો ટ્રાવેલ અને ટૂરિઝમ ફેર ટીટીએફનો પ્રારંભ




સુરતઃ હાલમાં ત્રણ દિવસમાં દુનિયા ફરી લેવાનો સમય છે. અમદાવાદમાં ગયા વીકએન્ડમાં યોજાયેલ ટ્રાવેલ અને ટુરિઝમ ફેર ટીટીએફને અભૂતપૂર્વ સફળતા પછી સુરતના પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે સુરતના મ્યુનિસિપલ કમિશનર, કુ.એસ.અપર્ણા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સ્ટેન્ડિંગ કમિટિના મુકેશ દલાલ તથા ફેર ફેસ્ટ મીડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટ રાજીવ અગ્રવાલ તથા ટ્રાવેલ અને હોસ્પિટાલીટી ઉદ્યોગના ભારત અને વિદેશના સહયોગીઓની હાજરીમાં ત્રણ દિવસના ટ્રાવેલ અને ટુરિઝમ ફેર ટીટીએફનો પ્રારંભ થયો છે.

ત્રણ દિવસનો આ સમારંભ આ શહેરનો સૌથી મોટો સમારંભ છે, જેમાં ભારત અને વિદેશના ૨૧ રાજ્યો અને ૧૦ પ્રદેશોના ૧૫૦થી વધુ પ્રતિનિધિઓ એક જ સ્થળે સામેલ થશે. ગયા વર્ષે ૪૦ ટકા વૃદ્ધિ અને બે વર્ષ પહેલા પ્રથમવાર આયોજન થયા કરતા ૬૨ ટકા વૃદ્ધિ દર્શાવે છે જેથી ટીટીએફ સુરત ટ્રાવેલ અને ટુરિઝમ ફેરનો કેલેન્ડરમાં વાર્ષિક માર્કેટિંગ એક મહત્ત્વના સ્થળ તરીકે ઉપસી આવ્યું છે. વિદેશના જે અન્ય દેશો આ ટીટીએફમાં ભાગ લેવાના છે તેમાં ચાઈના, ફિલિપાઈન્સ, શ્રીલંકા, મલેશિયા, નેપાળ, થાઈલેન્ડ, વિયેતનામ, માલદીવ અને ઓમાનનો સમાવેશ થાય છે. આ બાબત દર્શાવે છે કે સુરત અને દક્ષિણ ગુજરાત વિદેશના પ્રવાસન બજારો માટે કેટલું મહત્ત્વ ધરાવે છે.

Sandesh
Edition: Surat | Date: August 29, 2010 | Page No: 03 | Category: TTF

Now a unique tour packages specially for female and Sr. citizen are also available

# હવે વૃદ્ધો, મહિલાઓ તથા વિદ્યાર્થીઓ માટે અલાયદા ટૂર પેકેજ પણ ઉપલબ્ધ

- સ્પર્ધાત્મકતા વચ્ચે બિઝનેસ મેળવવા ટ્રાવેલર્સના આયોજનો

સુરત,તા.૨૮

દેશ-વિદેશના પ્રવાસમાં ફેમિલી ટૂર અને સિઝનેબલ પેકેજની સાથે હવે વૃદ્ધો, મહિલાઓ અને વિદ્યાર્થીઓ માટેના અલાયદી ટૂર સ્થાન હાલમાં શહેરમાં ચાલી રહેલા 'ટૂર એન્ડ ટૂરિઝમ ફેર'માં આવા પેકેજ રજૂ કરવામાં આવ્યા છે.



ઇનડોર સ્ટેડિયમ ખાતે ચાલી રહેલા ત્રિદિવસીય ફેરમાં વિશ્વભરના પ્રવાસોના પેકેજ રજૂ કરાયા છે. (નિર્ભય કાપડિયા)

ઈનડોર સ્ટેડિયમ ખાતે ચાલી રહેલા ત્રિદિવસીય ફેરમાં વિશ્વભરના પ્રવાસોના પેકેજ રજૂ કરાયા છે. જનસંપર્ક અધિકારી હેમંત સડકરે જણાવ્યું હતું કે, ફેરમાં કાશ્મીરથી માંડીને કન્યાકુમારી સુધીના તમામ પ્રવાસો આવરી લેવામાં આવ્યા છે. વળી, વિદેશ પ્રવાસમાં થાઇલેન્ડ, દુબઇ, સિંગાપોર, મલેશિયા સહિતના પ્રવાસોને સ્થાન આપવામાં આવ્યું છે. પ્રવાસના પેકેજમાં ગુજરાતની અસ્મિતા, રંગીલુ રાજસ્થાન, ઐતિહાસિક સ્થળોને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે.

ફેરમાં ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને વિદ્યાર્થીઓ માટેના પેકેજોએ આકર્ષણ જમાવ્યું હતું. ૮થી ૧૫ દિવસ સુધીના આ પેકેજોમાં થાઇલેન્ડ, સિંગાપોર, ન્યૂઝીલેન્ડ, યુરોપનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંગે મહારાષ્ટ્રની એક કંપનીના સંચાલક હિતેશ સોનાવણેએ જણાવ્યું હતું કે, પ્રવાસીઓને કાંઇક નવું આપવા માટે વિવિધ જૂથને સાથે લઈ લેવાયા છે. જેમકે વૃદ્ધોના પ્રવાસમાં આધ્યાત્મિક સ્થળો સાથે કપલ ફેશન શો, મ્યુઝિકલ ચેર ગેમ, ક્રિકેટ સહિતનું મનોરંજન પૂરું પાડવામાં આવે છે. લેડિઝ સ્પેશિયલમાં લેડિઝ ગેમ, પેરા સિલિંગ, ફેશન શો, ડાન્સ તેમજ વિદ્યાર્થીઓના પેકેજમાં એડવેન્ચરને ખાસ ધ્યાનમાં રાખવામાં આવે છે. તેઓની ટૂરમાં જાણીતી સેલિબ્રિટીઓને પણ લઈ જવામાં આવે છે.

**Nav Nirman**
Edition: Surat | Date: August 31, 2010 | Page No: 06 | Category: TTF

Visitors visited Surat TTF in huge number

# સુરત ટીટીએફમાં મુલાકાતીઓ મોટી સંખ્યામાં ઊમટ્યાં

## મુલાકાતીઓ અને એક્ઝિબિટર્સની સંખ્યામાં ભારે વૃદ્ધિ

## પ્રદર્શનનો ૪૦ ટકા વિસ્તાર, મુલાકાતીઓની સંખ્યા ૨૦ ટકા વધી




સુરતઃ મુલાકાતીઓના અભૂતપૂર્વ ધસારા સાથે ટીટીએફ સુરત ૨૦૧૦ પૂર્ણ થઈ ગયો છે. બીજા દિવસને અંતે ૭,૨૦૦થી વધુ લોકોએ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી, ગયા વર્ષે આ સંખ્યા ૬૦૦૦ હતી. એક્ઝિબિટર્સની સંખ્યા ગયા વર્ષે ૧૨૫ હતી તે આ વર્ષે વધીને ૧૫૦ થઈ હતી.

વિશ્વમાં આર્થિક મંદીનો દોર ચાલી રહ્યો છે ત્યારે સ્થનિક અને વિદેશી પ્રવાસન મથકોને ભારે સારો પ્રતિસાદ મળ્યો છે. ટીટીએફમાં ભાગ લેનારા પ્રવાસન ઉદ્યોગનાં વિવિધ ક્ષેત્રો ભારે ઉત્સાહમાં હતાં.

ટીટીએફ સુરત દ્વારા હાથ ધરાયેલા સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે અહીંના ૩૦ ટકા પ્રવાસીઓ રજાઓમાં વિદેશ પ્રવાસે જવાની ઇચ્છા ધરાવે છે. જ્યારે ૭૦ ટકા પ્રવાસીઓએ દેશમાં પ્રવાસની ઇચ્છા વ્યક્ત કરી હતી. તાજેતરમાં અમદાવાદમાં પૂર્ણ થયેલા ટીટીએફમાં આ સંખ્યા અનુક્રમે ૩૩ ટકા અને ૬૭ ટકા હતી. સુરતના ૭૮ ટકા પ્રવાસીઓ વર્ષમાં ઓછામાં ઓછું એકવાર પ્રવાસે જવાનું ઇચ્છે છે જ્યારે તેમાંથી ૪૪ ટકા વર્ષમાં બે વાર પ્રવાસ કરે છે. અમદાવાદમાં આ પ્રમાણે થોડું ઊંચું છે. ત્યાં આ પ્રમાણે અનુક્રમે ૭૧ ટકા અને ૩૯ ટકા જેટલું છે. એકંદરે સુરત અને અમદાવાદ બંને શહેરોના લોકો પ્રવાસની અદમ્ય ઇચ્છા ધરાવે છે અને તેમના પ્રવાસન શોખ માટે જાણીતા છે.